SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 20. કચ્છ અને ભવાઈનો નાતો

ડૉ. દેવેન્દ્ર પી. ગોસ્વામી

ભારતના અનેક રાજ્યોમાં જુદા જુદા પ્રકારનાં લોકનાટ્યો એ જે તે રાજ્યોની આગવી ઓળખ છે. જેમ કે, મહારાષ્ટ્રમાં 'તમાશા', 'દશાવતાર', મધ્યપ્રદેશમાં 'માચ', ઉત્તરપ્રદેશમાં 'નવટંકી', કર્ણાટકમાં 'યક્ષગાન'. એ જ રીતે ગુજરાત પ્રદેશનું વિશિષ્ટ લોકનાટ્ય એ ભવાઈ છે. ભવાઈ એ સ્વયં સ્ફૂરિત કળા છે. ગ્રામજનોના ઉર્મિ અને આનંદનો આવિષ્કાર એમાં થયો છે. લોકોના મનના ભાવોની સાહજિક અભિવ્યક્તિ સ્વરૂપે તેનું સર્જન થયું છે અને એટલે જ તો આપણે તેને લોકનાટ્ય તરીકે ઓળખીએ છીએ. પ્રાચીન સમયમાં આનર્ત પ્રદેશ તરીકે ઓળખાતા આજના ઉત્તર ગુજરાતના લોકો હજુ આજે પણ સારા-નરસા પ્રસંગે ભવાઈ ખેલ રમાડવાની માનતા માને છે અને મનોકામના પૂર્ણ થતાં ચૈત્ર માસ કે નવરાત્રિના સમયમાં પોતાના ઘેર ભવાઈમંડળીને રમવા નિમંત્રે છે.

આનર્તની કળાનગરી એવા સિદ્ધપુર નગરમાં ભવાઈના સ્વરૂપ અને તેના વેશોના જનક એવા અસાઇત ઠાકરનો જન્મ અને ચૌદમી સદીમાં હિન્દુસ્તાનમાં અલ્લાઉદ્દીન ખિલજીના સમયમાં હેમાળા પટેલની દીકરી સાથે ઘટેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટના, કે જે અંગે અનેક અનુશ્રુતિઓ છે, વિશે આપણે સૌ જાણીએ જ છીએ. એટલે એ વાત અહીં વિગતે કરવી નથી. અહીં'ભવાઇ'અને કચ્છ પ્રદેશ વચ્ચેના સંબંધની વાત કરવી છે. જો કે, પૂર્વભૂમિકા રૂપે આ લેખ સાથે સંબંધિત હોય એટલી વાત ટૂંકમાં કરવી જરૂરી છે.

એવું કહેવાય છે કે અસાઇત અને હેમાળા પટેલ વચ્ચે ગુરૂ-યજમાનનો સંબંધ હતો. ગંગા સાથેની ઘટના પછી અસાઇત સિદ્ધપુરથી સ્થળાંતર કરીને પોતાના ત્રણ પુત્રો નારણ, માંડણ અને જયરાજ સાથે ઊંઝા નગરમાં આવીને વસ્યા. હેમાળા પટેલે અસાઇત ઠાકરનું ઋણ ઉતારવા ત્રણેય પુત્રોને ઊંઝામાં પોતાના ખર્ચે મકાન બાંધી આપ્યાં હતાં. ત્રણ પુત્રોના ઘર ઉપરથી તેઓ 'ત્રિઘરાં' કહેવાયા. એનો અપભ્રંશ થતાં 'ત્રગાળા' કે 'તરગાળા' રૂપે ઓળખાયા. આજે પણ ભવાઇનો ખેલ રમનારા તૂરી, બારોટ કલાકારો 'તરગાળા' રૂપે જ ઓળખાય છે. હેમાળા પટેલ અને સમસ્ત કડવા પાટીદાર સમાજે અસાઇતનું ઋણ ચૂકવવા તેમના ભરણપોષણની વ્યવસ્થા કરી આપી. કહે છે કે ઊંઝાની કડવા પાટીદાર જ્ઞાતિએ અસાઇત ઠાકરને તથા વારસોને વંશપરંપરાગત આવક મળે તેવા હક્કો લખી આપ્યા.

ઊંઝામાં સ્થાયી થયા બાદ અસાઇતે પોતાને થયેલા આ અન્યાય સામે બંડ પોકારતા હોય એમ અસ્પૃશ્યતા, અંધશ્રધ્ધા, જાતિવાદ જેવાં દૂષણોને આધારે ત્રણસો સાઇઠ જેટલા ભવાઈના વેશો લખ્યા અને ગામડે-ગામડે જાગૃતિ માટે ભવાઈ વેશ રૂપે ભજવ્યા.

અસાઇત પછી કહે છે કે એમના ત્રણ દિકરાઓએ એ વારસો સાચવ્યો અને ઉત્તર ગુજરાતના ગામડાંઓમાં તેઓ ભવાઇ કરતા. સમય જતાં અલગ અલગ જૂથો બન્યાં, જેને 'પેડું' કે 'પેડા' તરીકે ઓળખવામાં આવે છે. ભવાઇનું પિયર તો ઊંઝા, પણ પાટણ જિલ્લાનાં પાટણ, કુણઘેર, પાનસર, કલાણા, મહેસાણા જિલ્લાનાં વસઈ, મેઉ, ઉમતા, કુવાસણા, વાલમ, પાંચોટ, ડેડીયાસણ, જગુદણ, લાખવડ, પાલોદર તેમજ બનાસકાંઠાના નળાસર, વડગામ જેવાં ગામો પણ આગળ જતાં ભવાઇની કળા માટે પ્રખ્યાત બને છે. આ બધાં ગામોનાં ભવાઇનાં અનેક પેડાઓને ગુજરાતના અલગ અલગ વિસ્તારો કે જ્યાં કડવા પાટીદારોની વસ્તી હતી એને ગરાસ (દેશી ભાષામાં 'ગરાહ') તરીકે વંહેચી દેવામાં આવ્યા. જેમ કે, કુણઘેરના પેડાઓને કચ્છનો ગરાસ મળ્યો, તો પાંચોટના પેડાઓ કાઠિયાવાડમાં જતા, ડેડીયાસણ અને જગુદણના પેડાઓને મહેસાણા મળ્યું, તો લાખવડ અને પાલોદરના પેડાઓને મધ્ય ગુજરાત. () આમ, દરેક પેડું પોતપોતાને ગરાસ તરીકે મળેલા વિસ્તારમાં જ ભવાઇ કરીને આવક રળવા જાય. પોતાનો ગરાસ ન હોય એવા વિસ્તારમાં જઈ ન શકે. જો કે, આમાં એક અપવાદ પણ જાણવા મળ્યો છે, જેની વાત આપણે આગળ કરીશું. આ ગરાસ કોણે અને ક્યારે નક્કી કર્યો એની કોઈ માહિતી મળતી નથી. પણ એવું હોઈ શકે કે કોઈ પેડું વર્ષોથી અમુક ગામોમાં જતું હોય અને પછી એ જ પરંપરા આગળ ધપતાં પછીનાં વર્ષોમાં પેડાઓની આપસની સમજૂતિના ભાગરૂપે જે-તે ગામોના ગરાસ એમને મળ્યા હોય અથવા તો મેળવી લેવાયા હોય. એક મજાની વાત એ છે કે જૂના સમયમાં જેને ગાયન-નૃત્ય કે અભિનય જેવી કળામાં રસ હોય એવા અલગ અલગ સમાજના લોકો ઉપર જણાવ્યાં એ ગામોની વાટ પકડતા અથવા તો ત્યાં જઈને આ કળાઓમાં પારંગત થતા અને પછી ત્યાં જ વસી જઈને ભવાઈને જ પોતાનો વ્યવસાય બનાવતા. આજે પણ આ ગામોમાં એવા કેટલાય પરિવારો રહે છે જે ત્રણ-ચાર પેઢીથી ત્યાં આવીને વસ્યા હોય.

પાંચ-પાંચ દાયકાથી ભવાઇ ભજવનાર વડીલો અનુસાર ઉત્તર ગુજરાત ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્ર-કાઠિયાવાડમાં જ્યાં-જ્યાં કડવા પાટીદારોનાં ગામો હતાં, એ ગામો જુદા જુદા પેડાને ગરાસ તરીકે મળેલાં. અહીં એ વાત ઉલ્લેખનીય છે કે ગુજરાતના આ વિસ્તારો સિવાય ભવાઇની હાજરી નોંધાઈ નથી, સિવાય કે કોઈએ નિમંત્રણ આપીને ભવાઇ ભજવવા એમને બોલાવ્યા હોય. જો કે, ઉપર જણાવ્યું તેમ લાખવડ અને પાલોદરના પેડાઓ મધ્ય ગુજરાતમાં જતા. પણ આ સંદર્ભમાં આ લખાઇ રહ્યું છે ત્યાં સુધી વધુ માહિતી મળી નથી. વળી, મધ્ય ગુજરાતમાં લેઉઆ પાટીદારોની વસ્તી છે અને આ સમાજ ભવાઇથી હંમેશાં દૂર જ રહ્યો છે. એટલે મધ્ય ગુજરાતમાં ભવાઇની વાતમાં કેટલું તથ્ય છે એ વિશે અત્યારે તો ચોક્કસપણે કહી શકાય નહીં. એ અંગે વધુ સંશોધન કરવું રહ્યું.

આટલી પૂર્વભૂમિકા પછી અહીં વાત તો કરવી છે કચ્છ અને ભવાઇના સંબંધની. કચ્છ અને ભવાઇનો નાતો સદીઓ જૂનો છે. પાટણથી માત્ર આઠ-નવ કિલોમીટરના અંતરે આવેલા કુણઘેર ગામના પેડાઓને કચ્છનો ગરાસ મળેલો. આ કુણઘેરના કોઈ જૂના કલાકારોને પૂછો તો કહે કે લગભગ બસ્સો-ત્રણસો વર્ષથી તેમના વડિલો કચ્છમાં ભવાઇ ભજવવા આવતા રહ્યા છે. કચ્છના એંસી-નેવું વર્ષના જાણકાર વડીલો પણ લગભગ આટલાં જ વર્ષો કહે છે. (જો કે, આ વાતમાં તથ્ય હોવાની શક્યતા એટલા માટે છે કે કચ્છમાં પાટીદારોનો પ્રવેશ મહમૂદ બેગડાના સમયમાં અને તેની ભલામણથી થયો હતો. એટલે કે પંદરમી સદીના અંતિમ દાયકાઓમાં આ ઘટના ઘટી હોઈ શકે. અને એ પહેલાંના બસ્સો વર્ષ દરમિયાન ભવાઇની શરૂઆત થઈ ચૂકી હતી.) એકાદ સદી પહેલાં સુધી પાટણથી નવલખી આવતા અને નવલખીથી વહાણમાં બેસીને કચ્છમાં ઉતરતા અને પછી ગરાસ મુજબ કચ્છના અલગ અલગ ગામોમાં વહેંચાઈ જતા. પરંતુ નવલખીથી કચ્છના કયા બંદરે ઉતરતા એ બાબત સ્પષ્ટ થતી નથી. એ સમયે કચ્છમાં માંડવી બંદર સૌથી મોટું. કદાચ ગુજરાતનું પણ સૌથી મોટું. એટલે કલાકારો નવલખીથી માંડવી બંદરે ઉતરતા હોવાની શક્યતા વધારે દેખાય છે. આમ તો એ સમયે કચ્છમાં માંડવી સિવાય તુણા, જંગી, સરવો (અત્યારનું કંડલા બંદર) અને જખૌ એમ ચાર બંદર બીજાં હતાં. પણ મુખ્ય વહાણ-વ્યવહાર તો માંડવી સાથે જ રહેતો. એ સિવાય માંડવી બંદરે ઉતરતા હોવાની શક્યતા જોવાનું એક કારણ એ પણ ખરું કે ભવૈયાના યજમાન કડવા પાટિદારો હતા અને એમની વસ્તી મુખ્યત્વે પશ્ચિમ કચ્છનાં ગામોમાં અને માંડવી બંદર પણ પશ્ચિમ કચ્છમાં એટલે નજીક પણ પડે. એ પછી આગગાડીનો જમાનો આવતાં ભુજ સુધી ટ્રેનમાં જતા.

ભવૈયા, કચ્છમાં જેમને ભવાયા તરીકે ઓળખવામાં આવતા, જેઠ મહિનામાં કચ્છમાં જવા નીકળે અને શ્રાવણ વદ ત્રીજ પછી એટલે કે જન્માષ્ટમી પહેલાં પાંચમ-છઠ્ઠ સુધી પાછા વતનમાં આવે. એમ બેથી અઢી મહિના જેટલું કચ્છમાં રોકાણ કરે. નાના હતા ત્યારે કોઈના મોઢે એવું સાંભળેલું કે ખેતરોમાં વાવણી થઈ ગયા પછી ખેતરો ઘરની સ્ત્રીઓને હવાલે કરીને પુરુષો ભવાઇ કરવા કચ્છમાં આવતા અને લણણીનો સમય થતાં વતનમાં પાછા ફરતા. કોઈ કહેતું કે ઉત્તર ગુજરાતમાં દુષ્કાળ પડ્યો હોય ત્યારે આવતા. પણ કુણઘેરના ૬૮ વર્ષની વયના પીઢ ભવાઇ કલાકાર, જે હજુ આજે પણ નખત્રાણા તાલુકાના ગામોમાં ભવાઇ ભજવવા જાય છે, કહે છે કે એવું નહોતું. ભવાઈ એ જ એમનો પેઢીઓથી વ્યવસાય છે. કચ્છમાં ઉતર્યા પછી ઊંટગાડીઓમાં એમનો સામાન લાદીને ભાગે આવતા બધા ગામોમાં બે-પાંચ દિવસથી લઈને દસ-બાર દિવસનું રોકાણ કરતા. કચ્છમાં કડવા પાટીદારોની મુખ્ય વસ્તી છે એવા નખત્રાણા તાલુકાના વિથોણ, કોટડા, જડોદર, મોટા અંગીયા, નાના અંગીયા, નાગલપર, મોટી વિરાણી, નેત્રા, દેવીસર, ટોડિયા, કાદિયા, દેશલપર (વાંઢાય), દેશલપર (ગુંતલી), રવાપર, લક્ષ્મીપર, ઘડાણી વગેરે, લખપત તાલુકાના દયાપર, ઘડુલી, ધારેશી વગેરે, માંડવી તાલુકાના દુર્ગાપર, લુડવા, વીરાણી નાની, ભારાપર, રત્નાપર, ગઢશીશા, દરશડી, મોમાયમોરા, રાજપર, ભેરૈયા, વરઝડી, રાયણ આદિ, અંજાર તાલુકાનાં ખેડોઈ, વાંઢિયા, ભુજ તાલુકાના કોટડા (ચકાર), કુકમા, થરાવડા તેમજ વાગડના કેટલાક ગામોમાં ભવૈયા આવતા. મોટાભાગે તો પાટીદારોના ગામોમાં જ ભવાઈ ભજવતા, પણ ક્યાંક સારા પૈસા મળે તો આજુબાજુના ગામોમાં પણ એક-બે દિવસ ભવાઇના ખેલ કરી આવતા. આ બધા ગામોમાં કુકમા એક એવું ગામ છે કે હજુ ત્રણ-ચાર દાયકા પૂર્વે કડવા પાટીદારોનું એક પણ ઘર નહોતું. તેમ છતાં એક સમયે અહીં ભવૈયા આવતા અને ચાર-પાંચ દિવસ રહેતા. આ લખનારના મામાએ ૧૯૫૩-૫૪ દરમિયાન કુકમામાં ભવૈયાઓ આવતા અને રામલીલા ભજવતા એવું જણાવેલ. અત્યારે આમાંથી બહુ થોડા ગામોમાં જ ભવાઇ ભજવાય છે.

ઘણાં ગામોમાં ભવૈયાઓ આવે ત્યારે ગામના નાકે વાજતે-ગાજતે તેમનું સામૈયું થતું, જેમાં બધા સમાજના લોકો સાથે રહેતા. એ પછી થોડા દિવસો એ જ ગામમાં રોકાણ રહેતું. પાટીદારો ઉપરાંત અન્ય સમાજના લોકો તરફથી પાકું સીધું (અનાજ વગેરે) મળતું. કોઈ પાટીદારને ત્યાં બાળકનો જન્મ થયો હોય તો આશીર્વાદ આપવા અને હાલરડાં ગાવા ભવૈયાઓને આમંત્રણ અપાતું. બધા યજમાનના ઘરે જાય, બાળકને માતાજીની ચુંદડી ઓઢાડે, તેડીને રમાડે, હાલરડાં ગાય, નૃત્ય કરે અને બાળકને આશીર્વાદ આપે. યજમાન યથાશક્તિ દક્ષિણા આપતા. રમેશભાઈ નાયક કહે છે કે આજથી ૪૦-૫૦ વર્ષ પહેલાં પણ અમુક સમૃદ્ધ ઘરો રૂ.૫૦૦ થી લઈને રૂ.૧૦૦૦-૨૦૦૦ સુધીની દક્ષિણા આપતા.

આ લખનારની સ્મૃતિમાં લગભગ પોણા ચાર દાયકા જૂનાં, નખત્રાણા તાલુકાના વિથોણ ગામના ચોકનાં ભવાઇનાં દશ્યો હજુ આજે પણ અકબંધ છે. ગામના ચોકમાં સત્યનારાયણ ભગવાનના મંદિરના પ્રાંગણમાં ભવૈયાઓને ઉતારો અપાતો. દિવસના ભાગે ઉતારાના સ્થળે જઈને જુઓ તો આગલી રાતનો દુશ્મનને હાકલા-પડકારા દેતો રણબંકો દેશી કપડાંમાં રોજબરોજનાં કામ કરતો દેખાતો. સાંજના સમયે જોતાં 'મેકઅપ' કરતા કલાકારોને જોઈને નાનાં બાળકોનાં ચહેરા પર કૂતુહલ છવાઇ જતું. રાત પડે ને ગામના ચોકમાં રેતીમાં જ લાકડાની ચાર થાંભલીઓ ખોડીને બનાવેલા 'સ્ટેજ' સામે જમી-પરવારીને

આખું ગામ નાટક જોવા ભેગું થતું. માતાજીની પૂજા-આરતી કરીને એક કલાકાર ભૂંગળ વગાડીને ભવાઈની શરૂઆત કરે. અને એ પછી મોડી રાત સુધી ગામ કોઈ બીજા લોકમાં ગરકાવ થઈ જાય. ત્યારે હજી રામાનંદ સાગરની'રામાયણ'શરૂ થઈ નહોતી. ગામ મોટું, પણ આખા ગામમાં બહુ થોડાં ઘરોમાં ટી.વી. એટલે લગભગ આખું ગામ ચોકમાં હોય. નાટકનું નામ તો યાદ નથી રહ્યું, પણ કોઈ ઐતિહાસિક નાટકો ભજવાતાં એટલું યાદ છે. ગંભીર દૃશ્યોની વચ્ચે રંગલાની રમૂજ રેલાતી રહેતી હોય.'ઇન્ટરનલ'દરમિયાન કોઈ રૂપાળા દેખાતો છોકરો સ્ત્રી-વેશ ધારણ કરીને જુદાં-જુદાં ગીતો પર નૃત્ય કરે એ જોવા જેવું હોય. ચાલુ ગીતની વચ્ચે કોઈને બીજું ગીત ગવડાવવું હોય તો હાથમાં એક કે બે રૂપિયાની નોટ પકડીને વન્સમોરની બૂમ પાડે અને છોકરીના વેશમાં રહેલ યુવાન અસ્સલ કોઈ નખરાળીની સ્ટાઇલથી 'એ.... આવી....'એવી લહેકાતી બૂમ સાથે ઠેકો લેતીકને જ્યાંથી બૂમ આવી હોય એ દિશામાં દોડે અને પેલી એક કે બે રૂપિયાની નોટને કબજામાં સંતાડતી પાછી આવે ને નવા ગીત પર ઠુમકા લેવાનું શરૂ થાય. આમ, મોડી રાત સુધી હાકલા-પડકારા, તલવારોની ઝીંકા-ઝીંકી, રંગલાની રમૂજ અને પેલી રૂપાળીના ઠુમકા મોડી રાત સુધી ચાલુ રહે. અને ભવાઈ પૂરી થયે બીજા દિવસની રાત સુધી ચાલે એવાં સંભારણાં અને વાતોના વડાનું ભાતું લઈને ઘર ભણી વળે.

એ સમયે ભવાઈમાં મુખ્યત્વે ભૂંગળ, ઝાંઝ, ઢોલક, મંજીરા અને સારંગી જેવાં વાજીંત્રોનો ઉપયોગ થતો. પરંતુ આજે હવે હાર્મોનિયમ અને ઢોલક કે તબલા જ વપરાય છે. બાકીનાં વાજિંત્રો અદશ્ય થઈ ગયાં છે. અરધી સદી પહેલાંના સમયમાં મશાલના અજવાળે ભવાઇની ભજવણી થતી. એ પછી પેટ્રોમેક્ષના પ્રકાશમાં અને પછી પીળા પ્રકાશવાળા બલ્બ આવ્યા. આધુનિક લાઇટો તો હજુ બે-અઢી દાયકા પહેલાં જ શરૂ થઈ. ભવાઇના સંવાદો પહેલાથી નક્કી નથી હોતા, પણ કલાકારો પ્રસંગ મુજબ જાતે જ સંવાદો બોલે છે અને સાથે સાથે નૃત્યમય શૈલીમાં અભિનય પણ કરે છે. એક અગત્યની વાત અહીં નોંધવી પડે કે ખરેખરા ભવાઇના 'વેશ' હવે ભજવાતા નથી. કદાચ ક્યાંય ભજવાતા હોય તો જાણમાં નથી. આજથી પાંચેક દાયકા પહેલાં ભવાઇના વેશ ભજવાતા હતા. જેમાં જસમા ઓડણ, ઝંડો-તેજા, જૂઠણ ને ચટકી, મહાકાળીમાનો વેશ, રામદેવપીરનો વેશ, લાલજી મણિયારાનો વેશ, કજોડાંનો વેશ જેવા અનેક વેશ ભજવાતા. એ પછીની કચ્છી પેઢીએ પાંજો કચ્છ, અબડો જામ, હોથલ પદમણી, વડિલોના વાંકે, સંપત્તિ માટે, સજ્જન કોણ?, સુરેખા હરણ જેવાં નાટકો ભજવાતાં જોયાં છે. હાલના વર્ષોમાં કરિયાવર, વહુરાણી, ઘર - ઘૂંઘટ ને ઘરચોળું, વહુએ વધારી આબરૂ, છૂટ્ટાછેડા, કુમકુમ પગલે, લાખણશીની કટાર જેવાં નાટકો ભજવાઈ રહ્યાં છે.

પરંતુ હવે આજે આ બધું ઓછું થતું જાય છે. આ લખનારે છેલ્લું ભવાઇ નાટક ૨૦૦૦ ની સાલમાં જોયેલું. એ પછી ભવાઇ નથી ભજવાતી એવું નથી, પણ હવે જોનારા અને ભજવનારા બંનેનો તોટો પડી રહ્યો છે. હવેની તો પેઢી જ જાણે મોબાઇલ થઈ ગઈ છે. જૂની કળાઓ પ્રત્યે તેમને લગાવ નથી રહ્યો એમ નહીં, પણ મોટાભાગનાઓને તો આવી કોઈ કળા હતી અને અત્યારે જીર્ણશીર્ણ સ્થિતિમાં છે એ વાતની જ ખબર નથી. ભવાઇ હવે તેના આખરી દિવસો ગણી રહી છે એવું દુ:ખ સાથે કહીએ તો પણ ખોટું નથી. આજથી પચાસ વર્ષ પહેલાં કુણઘેરથી બાર પેડા કચ્છમાં જતા. અત્યારે ઘસાતા ઘસાતા માત્ર બે જ પેડા રહ્યા છે. કાળીદાસ મારાજ, બાબુભાઈ નારાણભાઈ મારજ, જીવરામ મારજ, મણિરામ મારાજ, મોરારબાપુ, હરગોવિંદ મારાજનું પેડું - એમ જૂના બાર પેડામાંથી આજે લાલજી મારાજનું પેડું (જે અત્યારે રમેશભાઈ નાયકના મોટાભાઈ ભરતભાઈ પ્રહલાદભાઈ મારાજના પેડાના નામે ઓળખાય છે) અને વાસુભાઈનું પેડું – એમ માત્ર બે જ પેડા રહ્યા છે. સાંભળીને નવાઈ લાગે, પણ પેડામાં મોટાભાગે ૬૦ વર્ષથી ઉંમરના કલાકારો જ રહ્યા છે. એક સમયે ટીકિટવાળી નાટક કંપનીઓ હતી, જેને આજે અલીગઢી તાળાં લાગી ચૂક્યાં છે. એવી કંપનીઓના જૂની પેઢીના, જિંદગીના સાત દાયકા વટાવી ચૂકેલા કલાકારો પણ રોજીરોટી વાસ્તે આ પેડાનો ભાગ બન્યા છે. દાયકાઓ પહેલાં પેડામાં ૬૦-૭૦ થી લઈને ૧૦૦ થી ૧૫૦ માણસો રહેતા, તો આજે માત્ર ૧૦-૧૨ માણસો જ રહ્યા છે. રમેશભાઈ નાયક કહે છે કે આજથી ચાર-પાંચ દાયકા પહેલા બે-અઢી મહિનાના રોકાણ પછી દરેક કલાકારના ભાગે બે થી ચાર હજાર રૂપિયા આવતા. એ જમાનામાં અ રકમ બહુ મોટી ગણાતી. અત્યારે દરેકના ભાગે માંડ બારથી પંદર હજાર રૂપિયા આવે છે. નવી પેઢીની અરુચિ, મોંઘવારીમાં વધારો, લોકફાળામાં ઘટાડો જેવાં કારણોને લીધે આ કળા તેના આખરી શ્વાસ લઈ રહી છે. એક સમયે પુરુષ કલાકારો જ સ્ત્રી પાત્રો ભજવતા. છેલ્લા એક-દોઢ દાયકામાં એમાં બદલાવ આવ્યો છે. જયશંકર 'સુંદરી'ના પ્રદેશમાં સ્ત્રી પાત્રો ભજવવા કે પછી વન્સમોરના કાર્યક્રમો માટે સ્ત્રી કલાકારોને મહિને દસથી પંદર હજારના પગાર પર સાથે લઈ જવામાં આવે છે. જેથી ખર્ચમાં વધારો થયો છે. આવકમાં ધરખમ ઘટાડો થયો છે.

રમેશભાઈ નાયક કહે છે કે આવનારા પાંચથી દસ વર્ષોમાં જ ભવાઈનો અંત આવી જશે. ખૂબ ઓછી આવકના કારણે નવી પેઢી આ ભવાઈના વ્યવસાયથી નવી પેઢી દૂર જવા માગે છે. મોટાભાગના આજે ભણી ગણીને નોકરીઓ કરવા લાગી ગયા છે. અમે વારસો સાચવીને હજુ પણ ભવાઈ કરી રહ્યા છીએ. પણ કચ્છના ઘણાં ગામડાંઓમાંથી પાટીદારો ધંધાર્થે બહાર વસી ગયા હોવાથી હાલરડાંની પ્રથા પણ સાવ ઓછી થઈ ગઈ છે.

લગભગ સાતસો વર્ષોથી ચાલી આવતી અને એક સમયે સામાજિક જાગૃતિમાં મહત્ત્વનો ફાળો આપનાર આ કળાને ટકાવી રાખવાના મરણિયા પ્રયાસો પરંપરાગત પેડા સિવાય પણ ઉત્તર ગુજરાતનાં કેટલાંક જૂથો કરી રહ્યા છે. અને પરંપરાગત ગરાસ એવા કચ્છ, સૌરાષ્ટ્ર બહાર ગુજરાતના અન્ય શહેરોમાં પણ ભવાઇના પ્રયોગો કરી રહ્યા છે. ભવાઇને બીજા એક અસાઇતની જરૂર પડી છે!